EDII

Sandesh

June 9, 2018
(Citylife)
Pg.4

**My Campus**

EDIIનાં આંત્રપ્રિન્યોરે પાર્કિંગ સ્પેસ પ્રિ બુક થઈ શકે તેવી એપ્લિકેશન તૈયાર કરી

# શહેરીજનો વ્હિકલ માટે ઘરેથી બુક કરી શકશે પાર્કિંગ સ્પેસ




વધતા જતી વસતીની સામે લોકોની જરૂરિયાત પણ વધી રહી છે. વધતી વસતીની સામે વ્હિકલ્સનો પણ વધારો થઈ રહ્યો છે હાલ એક સામાન્ય ઘરમાં બેથી ત્રણ વ્હિકલ્સ જોવા મળે તે એક સામાન્ય બાબત બની ગઈ છે. જેનાં કારણે તે વ્હિકલ્સ રસ્તાઓ પર ટ્રાફિક જામ થવાનું કારણ પણ બનતા હોય છે અને ટ્રાફિકના કારણે પાર્કિંગની સમસ્યા પણ સર્જાતી હોય છે. અમુક લોકો પોતાનું વ્હિકલ આડેધડ રસ્તા પર કે ગમે ત્યાં પાર્ક કરીને જતા રહેતા હોય છે જેના કારણે બીજા લોકોને પણ પોતાના વાહનનું પાર્કિંગ કરવામાં તકલીફ પડતી હોય છે. મોટાભાગે પાર્કિંગની સમસ્યાઓ કોઈ જાહેર જગ્યાએ વધારે જોવા મળતી હોય છે જેમાં મૉલ, પાર્ક, ઑડિટોરિયમ હૉલ, સરકારી કચેરીઓ વગેરે જેવી જગ્યાઓ પર પાર્કિંગ સ્પેસ મળવી ખૂબ મુશ્કેલ થઈ પડતી હોય છે. પાર્કિંગની આ સમસ્યાઓના નિવારણ માટે EDIIનાં આંત્રપ્રિન્યોર શ્રીકેશ પિલ્લાઈએ iParko મોબાઈલ એપ્લિકેશન તૈયાર કરી છે જેનાં ઉપયોગથી પાર્કિંગની સમસ્યાનો ઉકેલ લાવી શકાશે. આ એપ્લિકેશન તમારી આસપાસનાં પાર્કિંગ એરિયાને તમારા મોબાઈલમાં ટ્રેસ કરશે અને પોતાની પ્રાયોરિટી મુજબ પાર્કિંગ સ્પેસને બુક કરી શકાશે. જેનાં કારણે પાર્કિંગ સ્પેસ શોધવાની મહેનત ઓછી થશે અને પાર્કિંગ સ્પેસ શોધવા માટે ફરવાથી જે પેટ્રોલ વેસ્ટ થાય તેમાં પણ ઘટાડો થાય છે. આ એપ્લિકેશન દ્વારા ઓનલાઈન પાર્કિંગ સ્પેસ બુક કરાવીને ઓનલાઈન પેમેન્ટ પણ કરી શકાય છે.

## મ્યુનિસપલ અને કોમર્શિયલ કોમ્પ્લેક્સને ઉપયોગી થઈ શકે છે



સમય, શક્તિ અને પેટ્રોલનો જે બગાડ ફક્ત એક પાર્કિંગ શોધવામાં થતો હોય છે તેને ધ્યાનમાં રાખીને આ એપ્લિકેશન તૈયાર કરી છે. આ પ્રકારની એપ્લિકેશન જ્યાં મોટાભાગે પાર્કિંગનાં ઇશ્યૂ થતા હોય તે પ્રકારની જગ્યાઓને વધારે ઉપયોગી થઈ શકે છે. આમ તો મ્યુનિસિપલ અને કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં પાર્કિંગની સુવિધા હોય છે અને તેમાં પણ ઘણી વાર પાર્કિંગ સ્પેસફુલ થઈ જતી હોય છે, આ પ્રકારની તકલીફોના નિવારણ માટે આ એપ્લિકેશન બેસ્ટ ઓપ્શન બની શકે છે જેમાં પાર્કિંગ સ્પેસ બુક કરાવી દેવાથી આપણને પાર્કિંગની યોગ્ય જગ્યા મળી રહે છે અને આપણો ટાઇમ અને પેટ્રોલ પણ બચે છે. - શ્રીકેશ પિલ્લાઈ, આંત્રપ્રિન્યોર